# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ખગોળરસીકોને સૂર્યગ્રહણ દેખાડાયુ




ગાંધીનગર, તા. ૨૧

સમગ્ર દેશમાં ૨૧ જૂનના રોજ સૂર્યગ્રહણ સર્જાયુ હતુ. નગરના ખગોળ રસીકો અને વિદ્યાર્થીઓને આ ઘટના જોવાની ખૂબ જ ઉત્સુકતા હોય છે. જેને ધ્યાનમાં લઈ નગરના સે. ૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ટેકનોલોજીના માધ્યમથી વધુમાં વધુ નગરજનો સૂર્યગ્રહણ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા જણાવાયુ છે કે ગુજરાતમાં ગ્રહણ દરમિયાન ૭૦ થી ૮૦ ટકા જેટલો સૂર્ય ઢંકાયો હતો. આ સમગ્ર ઘટનાને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સંસ્થાના ફેસબુક પેજ પર સવારે ૧૦ થી ૧.૩૨ સુધી લાઈવ દેખાડવામાં આવી હતી અને દુનિયાભરના ૩૫૦૦ થી ૪૦૦૦ જેટલા લોકોએ આ સૂર્યગ્રહણની લાઈવ ઘટનાનો નિહાળી હતી. આ ઉપરાંત સંસ્થા દ્વારા ડિઝીટલ કેમેરાથી લાઈવ ટેલીકાસ્ટ મોટા ટીવીના માધ્યમથી દેખાડવામાં આવ્યુ હતુ.


સંસ્થા દ્વારા ફેસબુક લાઈવ માધ્યમથી બતાવવામાં આવેલી આ સમગ્ર ઘટનાની ક્લિપોનો દેશ અને દુનિયાની વિવિધ ટીવી ચેનલોએ ઉપયોગમાં લીધી હતી.

ફેસબુક લાઈવ પર વિદ્યાર્થીઓ દ્વારા પુછેલા તમામ પ્રશ્નોનો જવાબ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પૂર્વ પી.આર.ઓ. નરેશભાઈ ઠાકર દ્વારા આપવામાં આવ્યો હતો. સંસ્થાના મીત પટેલ દ્વારા ડિઝીટલ કેમેરાથી લાઈવ પ્રસારણ દેખાડવામાં આવ્યુ હતુ. ડૉ. અનીલ પટેલ દ્વારા ખગોળ રસીકોને ટેલીસ્કોપના માધ્યમથી સમગ્ર ઘટના દેખાડવામાં આવી હતી. હાર્દીક મકવાણા દ્વારા અરીસા દ્વારા સૂર્યનું પ્રતિબિંબ પડદા પર પાડીને ખગોળ રસીકોને રોમાંચિત કરવામાં આવ્યા હતા. કુલ ૨,૬૦,૦૦૦ જેટલા વ્યુઅર્સ સૂર્યગ્રહણની સમગ્ર ઘટનાના સાક્ષી બન્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં હાર્દિક મકવાણા, રૂચિત પટેલ, મીત પટેલ, શિવાંગ પટેલ તથા આકાશ ગોહિલ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગાંડા કરી મુકશે... શ્વાસ રોકવા મોઢે પાટા બંધાવે છે અને કહે છે ઊંડો શ્વાસ લેવો એ જ બચવાનો ઉપાય છે...!!

## અડાલજ પાસેથી બાઈકની ઉઠાંતરી

કોરોના પગલે લોકડાઉનની સ્થિતિ સર્જાઈ હતી. જેને પગલે અમદાવાદ ઘાટલોડીયા ખાતે રહીને નોકરી કરતો સિધ્ધપુરનો આકાશ સોની ૨૧ માર્ચના રોજ પોતાનું બાઈક નં.જી.જે.૨૪.એ.સી.-૨૮૯૭ નંબરનું પેશન પ્રો બાઈક અડાલજ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં મુકીને વતન ગયો હતો. લોકડાઉન પૂર્ણ થતા યુવક ૧૯ જુનના રોજ વતનથી પરત ફર્યો હતો. જો કે તેણે પાર્ક કરેલુ બાઈક ગુમ હતું. બાઈકના કાગળો ગામડે હોવાથી યુવક પાછો સિધ્ધપુર ગયો હતો. રવિવારના રોજ તેણે અડાલજ પોલીસ મથકે તપાસ શરુ કરી છે.

## ઉજવલમ સોસાયટીમાં વિવિધ સ્કીમમાં રોકાણ કરાવી કરોડો રૂપીયા ચાઉં કરી જનાર વિષ્ણુ ભાગવત

ગાંધીનગર, તા.૨૧

ઉજવલમ્ એગ્રો મલ્ટી સ્ટેટ કો.ઓ.સોસાયટીમાં રાજયભરના રોકાણકારોને નાણા ડીપોઝીટ કરાવી કરોડો રૂપીયાનું ફુલેકું ફેરવનાર નાસિકનો વિષ્ણુ ભાગવત ભુગર્ભમાં ઉતરી ગયો છે. પોતાની આખી જીંદગી કરેલી નોકરી અને તેમાંથી મળેલા રૂપીયાનું રોકાણ કરનારા અત્યારે હાલ રડી રહ્યા છે. રોકાણ કરેલી રૂપીયાની રસીદો તેમજ પાકતી મુદતના પોસ્ટેડ ચેક પણ આપવામાં આવ્યા હતા, જે ચેક બેંકમાંથી રીર્ટન થતા નાગરીકોને છેતરાયાનો અહેસાસ થાય છે. ત્યારે ભોગ બનનાર ચીમનભાઈ વાળંદ નામના વ્યકિતએ અડાલજ પોલીસ મથકે કરોડો રૂપીયા ચાઉં કરી જનાર ઉજવલમ કો.ઓ. સોસાયટીના ડીરેકટર વિષ્ણુ રામચંદ્ર ભાગવત વિરુધ્ધ અરજી કરી છે.

અમદાવાદ આર્ડચીડ બિલડીંગ, ગોદરેજ ગાર્ડન સીટી ખાતે રહેતા ભોગ બનનાર ચીમનભાઈ વાળંદ ભારત પેટ્રોલીયમ કોર્પોરેટશન લી.માં જનરલ મેનેજર તરીકે સેવાઓ આપી છે. જયારે હવે તેઓ નિવૃત જીવન વિતાવી રહ્યા છે. તેમના મિત્રના મારફતે તેઓએ કામા હોટલમાં ત્રણ ગણા રૂપીયા મળશે તેના પ્લાન વિશે સમજાવીને વિષ્ણુ ભાગવતે ૨૪ લાખથી વધુ રૂપીયાનું રોકાણ કરાવ્યું હતું અને તેની સામે તેઓને ૪૧ લાખથી વધુ રૂપીયા મળશે તેમ જણાવ્યું હતું. જે આજદિન સુધી રોકાણકારને મળ્યા નથી. આ ઉપરાંત તેમના પત્નીએ પણ રૂ. ૧૦ લાખથી વધુની રકમનુ રોકાણ કર્યુ હતું. આ રોકાણની સામે તેમને રૂ.૧૭ લાખ મળશે તેમ જણાવ્યું હતું. પાકતી મુદતની રસીદો અને પોસ્ટેડ ચેક આપ્યા હતા. જયારે ચિમનભાઈ વાળંદના પરિચીત વ્યકિત ભીખાભાઈએ વાળંદે પણ વિવિધ પ્લાન હેઠળ ઉજવલમ સોસાયટીમાં રોકાણ કર્યું હતું. ત્યારબાદ અન્ય નાગરીકોએ વધુ રૂપીયા મળશે તેવી લાલચમાં આ સોયાયટીમાં લાખો રૂપીયાનું રોકાણ કર્યુંહતું. ત્યારે મળતી વિગત મુજબ ભારતના વિવિધ શહેરોમાં અલગ અલગ નામની બોગસ કંપનીઓ ખોલીને લલચામણી ઓફરો આપીને નાગરીકોને છેતરી રહ્યો છે. જેથી પોતાના જીવનની મુડી પરત મળશે કે કેમ તે પણ નાગરીકો માટે પ્રશ્ન છે. ત્યારે ઉજવલમ એગ્રો મલ્ટી સ્ટેટ કો.ઓ. સોસાયટીમાં નાગરીકો પાસેથી કરોડો રૂપીયાની ડિપોઝીટ કરાવી ભાગતો ફરતો ડાયરેકટર વિષ્ણુ રામચંદ્ર ભાગવત પોલીસના હાથમાં ક્યારે આવશે તેની રાહ છેતરાયેલા નાગરીકો જોઈ રહ્યા છે.

## આજથી 'આષાઢસ્ય પ્રથમ દિવસે...'નામે કાલિદાસ ઉત્સવ'

ગાંધીનગર, તા. ૨૧

સોશિયલ મીડિયા જ્યારે પ્રચલિત થઇ રહ્યું છે ત્યારે સફળ 'વિનોદ સપ્તાહ' પછી કવિકુલગુરુ કાલિદાસને કેન્દ્રમાં રાખી વિશ્વપ્રસિદ્ધ ખંડકાવ્ય મેઘદૂતના રસાસ્વાદનું આયોજન થયું છે. ગુજરાતી સાહિત્યકાર શ્રી ભાગ્યેશ જહાની યુટ્યુબ ચેનલ પર આ ચારદિવસીય સાહિત્ય ઉત્સવ રોજ સાંજે છ વાગ્યે રજુ થશે.

યુટ્યુબ પર પહેલી વખત યોજાનાર આ કાર્યક્રમમાં સંગીતમય પ્રસ્તુતિ સાથે કેટલાક પ્રસિદ્ધ શ્લોકોની રસાનુભૂતિની રજુઆત થશે. કવિ ભાગ્યેશ જહા ઉપરાંત રાષ્ટ્રપતિ પુરસ્કૃત ડૉ.વિજય પંડ્યા, એકલવ્ય સંસ્કૃત અકાદમીના શ્રી મિહિર ઉપાધ્યાય, ટીચર્સ યુનિવર્સિટીના ગોપાલ ઉપાધ્યાય અને પૂણેની ભાંડારકર સંસ્થાનના ડૉ.વેમ્પટિ કુટુમ્બશાસ્ત્રી રસદર્શન કરાવશે. સંગીત પ્રસ્તુતિ મુંબઈના તર્જની મહેતા જ્યારે સંગીત નિર્દેશન વડોદરાના શ્રી દિલીપ ક્ષીરસાગર કરશે. સમગ્ર કાર્યક્રમનું ટેકનીકલ સંચાલન ભારત અને નોર્વેમાં ડીઝીટલ મેનેજમેન્ટ કરી રહેલા મીનેશ અમીન કરશે.

સંસ્કૃત સાહિત્યનો આ પ્રથમ કાર્યક્રમ યુટ્યુબની ભાગ્યેશ જહા (www.Youtube.com/bhagyeshjha) પરથી પ્રસારિત થશે.. સૌને રોજ સાંજે છ વાગ્યે જોડાવવા નિમંત્રણ છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા કોવિડ-૧૯ના સંદર્ભમાં બીજા રાઉન્ડમાં આજે ગાંધીનગર તાલુકાના સરપંચ-તલાટીઓ સાથે વિડીયો કોલિંગથી સંવાદ રાખવામાં આવ્યો છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોનાના કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે અને હવે સરકારની સૂચનાઓના અમલ માટે કડક વલણ અખત્યાર કરવા માટે મન બનાવી લીધુ છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ૯૮ ટકા ખર્ચ કરી નવ હજારથી વધુ વિકાસ કાર્યો સંપન્ન કરવામાં આવ્યા છે.

# ગુજરાતમાં કોંગ્રેસ એકમાત્ર એવી પાર્ટી છે કે જેનો કાર્યકર પ્રત્યેક ગામમાં આજે મોજૂદ છે!

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં કોંગ્રેસ એકમાત્ર એવી પાર્ટી છે કે જેની પાસે રાજ્યના પ્રત્યેક ગામમાં કાર્યકર મોજૂદ છે. વર્ષો જૂની પાર્ટી હોવાથી આજે પણ કોંગ્રેસને કાર્યકરોની ખોટ વર્તાય તેમ નથી પરંતુ આ કાર્યકરોને ચાર્જ કરી શકે તેવા નેતાઓ પાર્ટી પાસે રહ્યાં નથી. ગાંધી પરિવારનો કોઈ રાષ્ટ્રીય નેતા ગુજરાતના કોઈપણ ગામમાં જાય તો ખાદીધારી નેતાઓના ટોળાં આજેપણ એકત્ર થઇ જાય છે. પાર્ટી પાસે કાર્યકરોની ફોજ છે પરંતુ નેતાઓનો અભાવ છે. જે ફાયરબ્રાન્ડ નેતાઓ હતા તે ભાજપમાં જોડાઈ ગયા છે અને નવા નેતાઓ ઉભા થઇ શક્યાં નથી. ૧૯૯૫ થી ૨૦૨૦ સુધીના ૨૫ વર્ષમાં કોંગ્રેસના ૧૦૦૦ થી પણ વધુ નેતાઓ સત્તા માટે ભાજપના ખોળામાં બેસી ચૂક્યાં છે. બીજી તરફ ગુજરાતમાં ઓરીજનલ ભાજપ રહ્યું નથી. ભાજપ અને કોંગ્રેસનું મિશ્રણ થઈને એક નવી પાર્ટીનો જન્મ થયો છે. પ્રત્યેક ચૂંટણી પહેલાં કોંગ્રેસના જીતી શકે તેવા નેતાઓ ભાજપની ટિકીટ પર ચૂંટણી લડ્યાં છે. આવા સંજોગોમાં કોંગ્રેસ ઘસાતી ગઈ છે. નેતાઓ તો ગયા પણ પાર્ટીનું હાઈકમાન્ડ નવા નેતા પેદા કરી શક્યું નથી, પરિણામ એ આવ્યું કે આજે ગુજરાત કોંગ્રેસ પાસે ચીફ મિનિસ્ટરનો એકપણ કેન્ડીડેટ રહ્યો નથી. રાજ્યમાં બે વર્ષ પછી એટલે કે ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે જો પાર્ટી અત્યારથી જ નેતાની શોધ નહીં કરે તો આવનારો બીજો દસકો ભાજપનો જ છે...

### કોંગ્રેસ ગુજરાતનો તો ઉદ્ધાર કરી શકી નહીં પરંતુ હવે ખુદ પાર્ટી "નવસર્જન" માગી રહી છે

**● પ્રદેશ કોંગ્રેસ પાસે ફાયરબ્રાન્ડ નેતાઓ રહ્યાં નથી...**

કોંગ્રેસ પાસે હજારો લોકોને રેલીમાં એકત્ર કરી શકે અને મંત્રમુગ્ધ કરી શકે તેવા નેતા માધવસિંહ સોલંકી હતા. આદિવાસીઓ જ નહીં રાજ્યનો પ્રત્યેક નાગરિક ઓળખી શકે તેવા અમરસિંહ ચૌધરી કોંગ્રેસ પાસે હતા. રાજકારણના અઠંગ ખેલાડી કહી શકાય તેવા ચીમનભાઈ પટેલ કોંગ્રેસનું મજબૂત નેતૃત્વ હતું. પ્રબોધ રાવળ, મનોહરસિંહ જાડેજા, બીકે ગઢવી ઉપરાંત મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રની તોફાની ટોળી કહી શકાય તેવા ફાયરબ્રાન્ડ ધારાસભ્યો પાર્ટી પાસે હતા જેઓ ભાજપના શાસનમાં વિધાનસભા ગજવતા હતા. ગુજરાતમાં કોંગ્રેસ ૨૭ વર્ષથી વિપક્ષપદે છે છતાં પાર્ટી મજબૂત વિપક્ષી નેતા આપી શકી નથી. એકમાત્ર અમરસિંહ ચૌધરી વિપક્ષના નેતા હતા ત્યારે સરકારના કોઈપણ ઉચ્ચ અધિકારીને તેમની ચેમ્બરમાં બોલાવી ધમકાવી શકતા હતા, જો કે તેમના પછીના પ્રત્યેક વિપક્ષી નેતા ઉચ્ચ અધિકારીઓને 'સાહેબ' નામથી વિનંતી કરતા જોવા મળ્યાં છે. વિપક્ષનું પદ કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવે છે તેમ છતાં વિપક્ષી નેતા આ દરજ્જાને ન્યાય આપી શક્યા નથી તે પાર્ટીની સૌથી મોટી કરૂણતા છે.

**● જૂથબંધી ના હોત તો આજે કોંગ્રેસની સરકાર હોત...**

ગુજરાતમાં ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી હતી ત્યારે કોંગ્રેસનું સૂત્ર નવસર્જન ગુજરાત...હતું. આ સૂત્રના જોરે પાર્ટી ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન કરાવવા માગતી હતી પરંતુ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ચૂંટણી પહેલાં પાર્ટી છોડી દેતાં કોંગ્રેસ સત્તામાં આવી શકી નહીં. કોંગ્રેસને ૧૫ ધારાસભ્યો ઓછા પડ્યા હતા, પરિણામે બહુમતથી માત્ર ૭ ધારાસભ્યો વધુ હોવાથી ભાજપ ફરી સત્તામાં આવી ગઈ હતી. કોંગ્રેસના નસીબ ફૂટેલા છે. કરમની કઠણાઈ એવી છે કે ચૂંટણીના દિવસોમાં જ પાર્ટીના સત્તાવાર ઉમેદવારોની સામે બગાવત અને અસંતોષ શરૂ થતાં કોંગ્રેસે ૨૨ એવી બેઠકો ગુમાવી હતી કે જેનાથી તેને સત્તા મળી શકવાની હતી. નેતાઓ વચ્ચેની જૂથબંધી અને અરાજકતાએ પાર્ટીને ગુજરાતમાં ડૂબાડી છે. હાઈકમાન્ડ તરફથી કોઈ પગલાં નહીં લેવાતાં સત્તા માટે હવાતિયાં મારતાં ઓરિજનલ કોંગ્રેસના સિનિયર નેતાઓ ભાજપમાં જોડાઈ રહ્યાં છે. એવું કહેવાતું હતું કે કોંગ્રેસ તો મહાસાગર છે જેમાં કોઈપણ આવી શકે છે. કોંગ્રેસમાં છેલ્લે જનતાદળ (ગુજરાત) અને તે પછી રાષ્ટ્રીય જનતા પાર્ટી (રાજપા)ના નેતાઓ જોડાયા હતા પરંતુ અસલ કોંગ્રેસે તેમને દિલથી સમાવ્યા નહીં હોવાથી એક પછી એક નોન કોંગ્રેસી નેતાઓએ મોકો મળ્યો ત્યારે કોંગ્રેસનો ત્યાગ કર્યો છે. આજેપણ કોંગ્રેસમાં અનેક જૂથ અસ્તિત્વ ધરાવે છે જે ચૂંટણી સમયે સક્રિય થઈને પાર્ટીની અંદરના વિરોધી જૂથના ઉમેદવારોને હરાવવા માટે ભાજપ પાસેથી રૂપિયા લઈને મેદાને પડે છે.

**● કોંગ્રેસનો ઇતિહાસ બે ભાગમાં વહેંચાયેલો છે...**

ભારતમાં કોંગ્રેસની સ્થાપના ૧૯૮૫માં થઇ હતી. એશિયા અને આફ્રિકામાં બ્રિટીશ સામ્રાજયમાં ઉદભવનાર પ્રથમ આધુનિક રાષ્ટ્રવાદી ચળવળ હતી. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અને ખાસ કરીને ૧૯૨૦ પછી મહાત્મા ગાંધીના નેતૃત્વમાં તેનો જન્મ થયો હતો. એક સમયે કોંગ્રેસના સાત મિલિયન સહભાગીઓ હતા. કોંગ્રેસે ભારતને ગ્રેટ બ્રિટનથી સ્વતંત્રતા આપી હતી. એવું કહેવાય છે કે કોંગ્રેસ એક બિન સાંપ્રદાયિક પક્ષ છે જેનો સામાજીક ઉદારમતવાદી મંત સામાન્ય રીતે ભારતીય રાજકારણના કેન્દ્રથી ડાબેરી ગણવામાં આવે છે. કોંગ્રેસની સામાજીક નીતિ સર્વોદયના ગાંધીવાદી સિદ્ધાંત પર આધારિત છે. ભારતની સ્વતંત્રતા પછી ૧૯૪૭માં કોંગ્રેસે ભારતની કેન્દ્ર સરકાર અને ક્ષેત્રીય રાજ્ય સરકારો બનાવ્યા. કોંગ્રેસ ભારતની પ્રબળ રાજકીય પાર્ટી બની હતી. સામાન્ય રીતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો ઈતિહાસ બે અલગ અલગ યુગમાં વિભાજીત થાય છે. એક તો આઝાદી પહેલાંનો યુગ જ્યારે કોંગ્રેસ પાર્ટી સંપૂર્ણ ભારતમાં આઝાદીની ચળવળમાં સૌથી મોખરે તેમજ લોક જાગૃતિ માટેનું એક સાધન હતી. બીજું આઝાદી પછીનો યુગ જ્યારે કોંગ્રેસે પાર્ટી ભારતના રાજકારણમાં અગ્રણી સ્થાન ભોગવ્યું હતું. આઝાદી પછીના વર્ષોમાં કોંગ્રેસે ૪૮ વર્ષ શાસન કર્યુ છે.



**● ગાંધી અને સરદાર પણ પ્રમુખ રહી ચૂક્યાં છે...**

૧૮૮૫માં એઓ હ્યુમ દ્વારા કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારથી ૬૦ લોકોએ કોંગ્રેસના પ્રમુખ તરીકે સેવા આપી છે. સૌ પ્રથમ વ્યોમેશચંદ્ર બેનર્જીએ ૧૮૮૫માં ૨૮મી ડિસેમ્બર થી ૩૧મી ડિસેમ્બર સુધી બોમ્બે ખાતે યોજાયેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ સત્રની અધ્યક્ષતા કરી હતી. ભારતની સ્વતંત્રતા સમયે કોંગ્રેસના અધ્યક્ષ જેબી ક્રિપાલા હતા. એન્ની બેસન્ટ કોંગ્રેસના પ્રથમ મહિલા અધ્યક્ષ રહ્યાં હતા જ્યારે સરોજિની નાયડુ કોંગ્રેસના પ્રથમ ભારતીય મહિલા અધ્યક્ષ રહ્યાં છે, જ્યારે સોનિયા ગાંધી સૌથી લાંબો સમય પ્રમુખપદે રહ્યાં છે. નહેરૂ-ગાંધી પરિવારના છ સભ્યો કોંગ્રેસનો હોદ્દો સંભાળી ચૂક્યાં છે. કોંગ્રેસના અધ્યક્ષનું પદ ગોપાલકૃષ્ણ ગોખલે, દાદાભાઈ નવરોજી, રાસબિહારી ઘોષ, મદનમોહન માલવિયા, લાલા લજપતરાય, દેશબંધુ ચિતરંજન દાસ, મહાત્મા ગાંધી, અબ્દુલ કલામ આઝાદ, મોતીલાલ નહેરૂ, જવાહરલાલ નહેરૂ, વલ્લભભાઈ પટેલ, સુભાષચંત્ર બોઝ, ઈન્દિરા ગાંધી, રાજીવગાંધી અને રાહુલ ગાંધીએ સંભાળ્યું છે. સોનિયા ગાંધી સૌ પ્રથમ ૧૯૯૮માં કોંગ્રેસના અધ્યક્ષ બન્યાં હતા.



**● ગુજરાત કોંગ્રેસનો પણ એક ઇતિહાસ રહ્યો છે...**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટિની રચના ૧૯૨૦માં થઈ હતી. એ સમયે પ્રથમ પ્રમુખ બનવાનું ગૌરવ સરદાર વલ્લભભાઈ પટેલને મળ્યું હતું. તેમના પછી ૧૯૬૯માં કાન્તિલાલ ધિયા પ્રથમ પ્રદેશ પ્રમુખ બન્યાં હતા. એ સમયે કોંગ્રેસનું કાર્યાલય અમદાવાદમાં ખમાસા વિસ્તારમાં હતું. ૧૯૭૧માં કોંગ્રેસનું કાર્યાલય શાહપુરમાં અને ત્યારપછી હવાવાલા બ્લોક, આશ્રમરોડ પર શિફ્ટ થયું હતું. ૧૯૭૭માં પક્ષનું કાર્યાલય ખાનપુર અને છેલ્લે વિક્રમ ચેમ્બર્સ, આશ્રમરોડ પર હતું. છેવટે કોંગ્રેસનું કાર્યાલય વીએસ હોસ્પિટલ પાસે લઈ જવામાં આવ્યું હતું, જેનું ૨૦૦૬માં રિનોવેશન કરીને રાજ્યસભાના સાંસદ અહમદ પટેલે રાજીવ ગાંધી ભવન બનાવી દીધું છે. કોંગ્રેસના પ્રમુખ તરીકે અહમદ પટેલે પણ સેવાઓ આપી છે. કોંગ્રેસમાં પ્રબોધ રાવળ બે વખત પ્રદેશ પ્રમુખ બની ચૂક્યાં છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પદે રહી ચૂકેલા હિતેન્દ્ર દેસાઈ, માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી પણ બન્યાં હતા. કોંગ્રેસમાં બે વખત પ્રદેશ પ્રમુખ બન્યા હોય તેવા નેતાઓમાં પ્રબોધ રાવળ, માધવસિંહ સોલંકી અને ભરતસિંહ સોલંકીનો સમાવેશ થાય છે.

### ફાયરબ્રાન્ડ નેતાઓની ખોટ પુરવા પાર્ટીએ ચૂંટણી પહેલાં ૧૦ હાર્દિક પટેલ ઉભા કરવા જોઇએ

### નરેન્દ્ર મોદી કે શંકરસિંહ જેવા ફાયરબ્રાન્ડ લિડર નહીં હોય તો કોંગ્રેસની ૨૦૨૨માં પણ એક્ઝિટ

**● ડો. જીવરાજ મહેતા થી છબીલદાસ મહેતા...**

૧લી મે ૧૯૬૦માં જ્યારે ગુજરાતની રચના થઈ હતી ત્યારે કોંગ્રેસના પ્રથમ મુખ્યમંત્રી પદે ડો. જીવરાજ મહેતા નિયુક્ત થયા હતા. તેમણે ૧૨૩૮ દિવસ સુધી શાસન કર્યુ હતું. તેમના પછી આવેલા બળવંતરાય મહેતાએ ૭૩૩ દિવસ શાસન કર્યુ હતું. રાજ્યના ત્રીજા મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈએ ૨૦૬૨ દિવસ સુધી શાસન કર્યુ છે. ઘનશ્યામ ઓઝાએ ૪૮૮ દિવસ રાજ કર્યુ છે, પરંતુ તેઓ એક્સિડેન્ટલ ચીફ મિનિસ્ટર હતા. કોંગ્રેસે ચીમનભાઈ પટેલને હટાવીને તેમને મૂક્યાં હતા. કોંગ્રેસમાં અસંતોષ છે ક જીવરાજ મહેતાના શાસનથી ચાલતો આવે છે. ચીમનભાઈ પટેલે પ્રથમ વખત ૧૯૭૩માં ૨૦૭ દિવસ શાસન કર્યુ હતું. ગુજરાત કોંગ્રેસમાં સૌથી વધુ સમય સુધી શાસન કરવાનો રેકોર્ડ માધવસિંહ સોલંકી ધરાવે છે. તેમણે ગુજરાત પર પ્રથમ ૧૦૮ દિવસ, બીજીવાર ૧૮૫૬ દિવસ અને ત્રીજીવાર ૮૫ દિવસ મળી કુલ ૨૦૪૯ દિવસ શાસન કર્યુ છે. અમરસિંહ ચૌધરીએ ૧૬૧૮ દિવસનું શાસન કર્યુ છે. ચીમનભાઈ પટેલ કુલ ૧૬૫૨ દિવસ શાસનમાં રહ્યાં છે ત્યારબાદ મુખ્યમંત્રી બનેલા છબીલદાસ મહેતા ૩૯૧ દિવસ સુધીના મુખ્યમંત્રી હતા. ૧૪મી માર્ચ ૧૯૯૫ પછી કોંગ્રેસના એકપણ મુખ્યમંત્રી ગુજરાતમાં આવ્યા નથી. એટલે કે છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતમાં કોંગ્રેસે સત્તા જોઈ નથી તેનો પાર્ટીમાં બળાપો અને અસંતોષ છે.

**● રાજ્યમાં કોંગ્રેસની પડતી ૧૯૯૦ પછી શરૂ થઇ હતી...**

ગુજરાતમાં વિધાનસભાની પહેલી ચૂંટણી ૧૯૬૨માં થઈ હતી. આ સમયે કોંગ્રેસને ૧૫૪ માંથી ૧૧૩, સ્વતંત્ર પાર્ટીને ૨૬ અને પ્રજા સમાજવાદી પાર્ટીને સાત બેઠકો મળી હતી. ૧૯૬૭માં કોંગ્રેસને ૧૬૮ માંથી ૯૩ અને સ્વતંત્ર પાર્ટીને ૬૬ બેઠકો મળી હતી. ૧૯૭૨માં કોંગ્રેસને ૧૪૦ અને એનસીઓને ૧૬ બેઠકો મળી હતી. ૧૯૭૫ની ચૂંટણીમાં પહેલીવાર વિધાનસભાની બેઠકોની સંખ્યા ૧૮૨ થઈ હતી, તે સમયે કોંગ્રેસને ૭૫, એનીઓને ૫૬, બીજેએસને ૧૮ અને કેએલપીને ૧૨ બેઠકો મળી હતી. ૧૯૮૦માં કોંગ્રેસને ૧૪૧, જનતા પાર્ટીને ૨૧ અને ભાજપને ૯ બેઠકો મળી હતી. આ ચૂંટણી પછી ગુજરાતમાં ભાજપનો ઉદય એક હિન્દુત્વવાળી પાર્ટી સાથે થયો હતો. ૧૯૮૫માં તો માધવસિંહ સોલંકીની ખામ થિયરીનું સ્ટીમરોલર ફરી વળ્યું હતુ અને કોંગ્રેસને વિક્રમી ૧૪૯ બેઠકો મળી હતી જે ભાજપને અત્યાર સુધી ક્યારેય મળી નથી. એ સમયે જનતા પાર્ટીને ૧૪ અને ભાજપને ૧૧ બેઠકો મળી હતી. કોંગ્રેસની પડતી ૧૯૯૦માં થઈ હતી. ચીમનભાઈ પટેલની સામે કોંગ્રેસ વામણી પૂરવાર થઈ અને માત્ર ૩૩ બેઠકોથી કોંગ્રેસ અટકી ગઈ હતી. એ ચૂંટણીમાં ચીમનભાઈ પટેલના જનતાદળને ૭૦ અને ભાજપને ૬૭ બેઠકો મળી હતી. બન્નેએ ભેગા થઈને મિલીજૂલી સરકાર બનાવી હતી પરંતુ ભાજપે ટેકો પાછો ખેંચી લેતાં તે બહું લાંબી ચાલી નહીં, છેવટે ચીમનભાઈ રાજકીય બુદ્ધિ વાપરી કોંગ્રેસમાં ભળી ગયા હતા અને મુખ્યમંત્રી તરીકે ચાલુ રહ્યાં હતા. ગુજરાતમાં ભાજપની હાઈએસ્ટ ૧૨૭ બેઠકો ૨૦૦૨માં જોવામાં આવી છે. તે સમયે નરેન્દ્ર મોદીનું શાસન શરૂ થયું હતું. ગોધરાકાંડના તોફાનો પછીની ચૂંટણીએ ભાજપને જ્વલંત વિજય અપાવ્યો હતો.

**● ગુજરાતમાં કોંગ્રેસ ખુદ નવસર્જન માગે છે...**

ગુજરાતમાં અત્યારે કિનારે આવી ચૂકેલી કોંગ્રેસને તારણહારની જરૂર છે. કોંગ્રેસને એક નવા મોદીની તલાશ છે. ચૂંટણીઓમાં સતત હાર અને ધારાસભ્યો ગુમાવવાની બેવકુફી કોંગ્રેસને ભારે પડી રહી છે. ગુજરાત કોંગ્રસના પાપે પાર્ટીએ ૨૦૧૪માં દિલ્હી ખોયું છે. ગુજરાત કોંગ્રેસમાં જે છ નેતાઓની ટોળકી છે તેમને આખું ગુજરાત ઓળખતું નથી અને ઓળખશે પણ નહીં. ૨૦૨૨ સુધીમાં જો કોંગ્રેસને મજબૂત કરવી હોય તો પાર્ટીએ ૧૦ હાર્દિક પટેલ પેદા કરવા પડશે. હાર્દિક પટેલ જેવું જોમ, અને ઉત્સાહ અત્યારે કોંગ્રેસના યુવા નેતાઓમાં મરી પરવાર્યો છે. કોંગ્રેસ પાસે હાર્દિક પટેલ જેવા ફાયરબ્રાન્ડ નેતાઓ નહીં હોય તો કોંગ્રેસનો ૨૦૨૨માં પણ ઉદ્ધાર થવાનો નથી. સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપને બિનહરીફ બેઠકો મળી રહી છે, કારણ કે કોંગ્રેસ પાસે પુરતા ઉમેદવારો નથી. વિજેતા થયેલા કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જોડાઈ રહ્યાં છે. હજી પણ કોંગ્રેસમાં ચૂંટણી જીતી શકે તેવા ઉમેદવારોની તલાશ ભાજપ કરી રહ્યું છે. આ સંજોગોમાં ગુજરાત કોંગ્રેસમાં મુખ્યમંત્રીનો ઉમેદવાર બની શકે તેવો મજબૂત ફાયરબ્રાન્ડ નેતા જોઈએ છે. કોંગ્રેસે બીજા શંકરસિંહ વાઘેલા તલાશ કરવાની જરૂર છે કે જે ૨૦૨૨માં કોંગ્રેસને સત્તામાં લાવી શકે. બાકી તો ઘરના ઝઘડા ચાલુ રહ્યાં અને નેતાઓ સાચવી નહીં શકે તો ગુજરાતમાંથી કોંગ્રેસની ફરી એકવાર એક્ઝિટ નિશ્ચિત છે.